## (૮) ટ્રેક નં. ૬ : ૪૭ શક્તિ વિષે

✿ આત્મામાં તો અનંત ગુણો છે ને ? તો પૂજ્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે ૪૭ જ કેમ વર્ણવ્યા ? મને તો ખબર નથી. તો સાંભળો પૂજ્ય શ્રી કુંદકુંદાચાર્યના વારસ એવા આપણા પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનું પ્રવચન.

✿ માંગલિક

✿ ભક્તિ : મૈં અચિંત્ય શક્તિકા ધારી, મુજમેં ગુણોં કા ગોદામ ભરે,
સિદ્ધોં સે ભી કમ મૈં નહીં હૂઁ (૨) શક્તિકા સંગ્રહાલય ભરે.
પર્યાય ભલે હી પામર હો, મૈં રત્નોં કી ખાણ.

✿ ક્રમે ક્રમે, ક્રમ નામ પર્યાય અને અક્રમ નામ ગુણ, પણ શક્તિકા વર્ણનમેં ક્રમ ને અક્રમે પરિણમનેવાલા નિર્મળ પર્યાયપણે ક્રમે પરિણમે, નિર્મળ ગુણપણે રહે અક્રમ. ઈસકો યહાઁ શક્તિકા વર્ણન કહનેમેં આતા હૈ.

✿ અસ્તિત્વ, વસ્તુત્વ સર્વ દ્રવ્યમેં આતે હૈં, સામાન્ય, અસ્તિત્વ, વસ્તુત્વ અપનેમેં ભી હૈ, પરમાણુમેં ભી હૈ, છયે દ્રવ્યોંમેં હૈં, તો ઉસકો સામાન્ય કહા પણ ઈ છ તો નામ લિયા (હૈ,) બાકી હૈ સામાન્ય ગુણ અનંત. ઔર વિશેષ-જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એસા વિશેષગુણ ભી અનંત હૈ, એક આત્મામેં. બાત હૈ સબકી. આહા !

✿ શુદ્ધ ચૈતન્ય પ્રાણ-જીવત્વ શક્તિ લિયા ને પહેલી. તો ઉસમેં ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા, પ્રાણ-જો ત્રિકાળી પ્રાણ યે પ્રાણસે જિસકા જીવન હૈ ઐસા જીવકો ભેટા કરના.

✿ આત્મામેં એક 'પ્રભુ' નામકા ગુણ હૈ. જિસકા પ્રતાપ ખંડ ન હો શકે અને સ્વતંત્રથી શોભાયમાન હો, ઉસકો પ્રભુત્વ ગુણ કહતે હૈં. પ્રભુત્વનો ગુણ એ છે કે જેનો પ્રતાપ કોઈ ખંડ કરી શકે નહીં અને સ્વતંત્રતાથી શોભે એવો એક એક ગુણમાં સ્વરૂપ છે. અનંત ગુણમાં એવું એક એક આ રૂપ છે. પ્રભુતાનું. જેની સ્વતંત્રાના પ્રતાપને ખંડી ન શકે અને સ્વતંત્રતાથી શોભે, ઓપે, એવો એ ભગવાન આત્મા-એકવાર ડોકિયું કરતાં તને અનંત આનંદ આવશે.

✿ પ્રભુ ! તેરી પ્રભુતા-એક-એક શક્તિમેં અનંતી પ્રભુતા પડી હૈ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય, સ્વચ્છત્વ, કર્તૃત્વ, જીવત્વ, ચિતિ, દર્શી, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ, અસંકુચિત વિકાસત્વ, અકારણ કાર્યત્વ, પરિણામ, પરિણમ્ય, ત્યાગઉપાદાન, અગુરુલઘુ-ઐસી ૪૭ શક્તિ હૈ, એક એક શક્તિમેં અનંતી પ્રભુતા પડી હૈ, ક્યોંકિ એક-એક શક્તિમેં પ્રભુત્વગુણ નામ ભિન્ન હૈ ઉસકા રૂપ ઉસમેં હૈ. ઐસી અનંતી શક્તિ, ગુણ-જિસકા અંત નહીં. પ્રભુ ! યે ક્યા બાત હૈ જરી ? અનંત-ઈતના ગુણ હૈ શક્તિ કે ઉસકા અંત નહીં કે આ આ છેલ્લા આખિરકા ગુણ હૈ.

✿ અનંતા ગુણો છે, એક એક ગુણની અનંતી પર્યાય છે. એક એક પર્યાયની અનંતી તાકાત છે. અનંતા ગુણ ને, દ્રવ્યને, અનંતા દ્રવ્યને જાણે એવી એની તાકાત છે, એક સમયની પર્યાયમાં એટલી તાકાત (છે) છ એ દ્રવ્યને એક સમયમાં જાણે અને પોતાની પર્યાયથી દ્રવ્ય, ગુણ અનંતા પોતાને જાણે-એવી તો એક ગુણની એક પર્યાયની તાકાત.

✿ જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહીં. બીજા અનંત આશ્રયકારી ગુણો છે જેમાં જ્ઞાન તો છે-એ તો સ્વરૂપ એનું જ્ઞાયક ત્રિકાળ પણ એની સાથે આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કારણ, જીવત્વ શક્તિ, ચિતિ, દર્શી, જ્ઞાન, સુખ, વીર્ય એવા અનંતા ગુણો છે, એવા અનંતા ગુણો-આશ્ચર્યકારી ગુણો છે.

✿ ખરેખર તો ત્રિકાળી શ્રદ્ધા ગુણ છે એ દ્રષ્ટિ ત્રિકાળ અનંત ગુણને અભેદને સ્વીકારે છે. એકલા શ્રદ્ધાગુણને સ્વીકારતી નથી. એ અનંતા પૂરણના ગુણનું એકરૂપ તેને દૃષ્ટિ સ્વીકારે છે.

✿ એમ કે એક એક ગુણ-પ્રભુ જરી વાત છે ઝીણી. એક પ્રભુત્વ જે ગુણ છે અનંત. એમાં એક એક ગુણની અનંતી પર્યાય છે અને એક એક ગુણના અનંતા ગુણનું સ્વરૂપ-'હોવું' છે એ ચૈતન્ય પરમાત્મ દરબારમાં અસંખ્ય પ્રદેશ એનો દેશ છે અને અનંતા ગુણો એની પ્રજા છે. એવો પરમાત્માનો દરબાર-એમાં એકએક ગુણ આશ્ચર્યકારી છે, આશ્ચર્યકારી ગુણ જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહીં.

✿ 'પ્રભુત્વ' નામકા ગુણ હૈ જિસમેં. અખંડપણાકી સ્વતંત્ર શોભાસે બિરાજમાન ભગવાન આત્મા ઐસા પ્રભુત્વ નામકા ગુણ હૈ. અરે ભાઈ ! તું પ્રભુ છે, તને ખબર નથી. તારી શક્તિઓ બધી પ્રભુતા, ઈશ્વરતાથી ભરેલી છે અને એની પર્યાય પણ પ્રભુતા ને ઈશ્વરતાથી, વીતરાગતાના આનંદથી ભરેલી છે.

✿ ભગવાન આત્મામાં એક 'અકાર્યકારણ' નામનો ગુણ છે. એ જે સર્વ ગુણમાં એનું રૂપ છે. જેથી તેનો જ્ઞાનગુણ પણ અકાર્યકારણપણે સ્વભાવે છે. એને રાગ હોય તો જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવું નથી. એમ એ જ્ઞાનની પર્યાય રાગને ઉત્પન્ન કરે એવું નથી-એવું એક-એક પર્યાયમાં અકાર્યકારણ નામના આ ગુણનું રૂપ છે.

✿ જેના એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે એ અનંતતાનો પાર નથી એટલા અનંતા છે, એ બધા અનંતા ગુણનું એક-એક ગુણમાં અનંતુ રૂપ છે. એક-એક ગુણમાં જ્ઞાન છે તેમાં સત્તા, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, એવી શક્તિ એક-એક ગુણમાં છે, જુદી શક્તિ તો છે. આહા !

✿ એક રજકણ પણ દૂસરાકો દે શકે કે લે શકે એ વસ્તુમાં હૈ નહીં પ્રભુ. આત્માકા એક ઐસા ગુણ હૈ 'ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ'. ૪૭ શક્તિમેં આયા હૈ. બાહ્યત્યાગ ગમે તેટલા કરે, ઉસસે કુછ સમ્યગ્દૃષ્ટિ નહીં. બાહ્યત્યાગ તો હૈ હી આત્મામેં. બાહ્યકા તો ત્યાગ હી હૈ. અનાદિ સે બાહ્યકી ચીજ તો ઉસમેં હૈ નહીં. તો બાહ્યકા ગ્રહણ કરના ઔર બાહ્યકો છોડના વો તો આત્મામેં હૈ હી નહીં. ત્યાગઉપાદાનશૂન્યત્વ-શક્તિ. આત્મામેં ઐસા ગુણ હૈ અનાદિ કે પરદ્રવ્યકા ત્યાગ અને પરદ્રવ્યકા ગ્રહણ-ઉસસે તો રહિત હી હૈ.

✿ અસંકુચિતવિકાસ, અકાર્ય કારણ, ત્યાગઉપાદાન શૂન્યત્વ, ભગવાન આત્મામાં રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ એનાથી-પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી રહિત પૂર્ણ સ્વરૂપ છે. પરનો ત્યાગ કર્યો સંયોગનો માટે ત્યાં આગળ પૂર્ણ વિશેષ થયું ને પરનો જરીયે ત્યાગ નથી તેથી ત્યાં ત્યાગઉપાદાન શક્તિમાં અપૂર્ણતા રહી એમ નથી. ત્યાગઉપાદાન-શૂન્યત્વશક્તિ (છે).

✿ ૪૭ શક્તિ આવે છે ને ? ૪૭મી 'સ્વસ્વામી સંબંધ'-'શુદ્ધ સ્વભાવ-દ્રવ્ય ગુણ ને પર્યાય એ મારા સ્વ છે અને હું એનો સ્વામી છું' (એવું) સમ્યગ્દર્શન થતાં આ ગુણનું પરિણમન એવું થાય. અંદર સ્વસ્વામી સંબંધ શક્તિ. પોતાના દ્રવ્ય-ગુણ ને પર્યાય નિર્મળ એના સ્વપણાનો એ સ્વામી. એવો એક ગુણ છે. એવો એક અંદર ગુણ છે. શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય. એ સ્વ. એનો સ્વામી. પણ ઈ એનો સ્વામી. એવો એક ગુણ છે.

✿ 'ભાવ' નામકા ગુણ હૈ, તો વો હી સમયમેં જો પર્યાય હોનેવાલી હોગી. સમકિતીકી બાત હૈ અને ભાવકા ગુણ એ કે વિકારપણે પરિણમન હૈ, ઉસસે રહિતપણા હોના એ ભાવશક્તિકા ગુણ હૈ.

✿ 'ભાવભાવ' નામકા ગુણ પડ્યા હૈ, તો જિસકો અપના જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય પ્રભુ-અનાકુળ આનંદકા નાથ-ઈસકી જિસકો મહિમા આયી ઔર દૃષ્ટિ હુઈ તો ઉસકા દ્રવ્યમેં ભાવ, ગુણમેં ભાવ, ને પર્યાયમેં આનંદકા ભાવ આતા હૈ, ભાવભાવ, ભાવઅભાવ. ભાવશક્તિ પૂર્ણ છે કે જેમાંથી પર્યાય એક હોય જ તે. એ પૂર્ણ શક્તિ પૂર્ણ છે. અભાવ શક્તિ પણ પૂર્ણ છે. કર્મનો અભાવ થયો માટે અભાવ શક્તિ પ્રગટી એમ નથી.

✿ ઉસમેં 'ભાવ' નામકી એક શક્તિ હૈ ભગવાન આત્મામેં 'ભાવ' નામકી એક શક્તિ-ગુણ હૈ. તો એ ભાવકી પર્યાય વર્તમાન હોતી હૈ વો અપને સ્વતંત્રસે હોતી હૈ, ઔર 'અભાવ' નામકા એક ગુણ હૈ ઉસમેં, તો કર્મકા અભાવ હૈ તો અભાવ હુઆ ઐસા નહીં. અપનેમેં અભાવ શક્તિ હૈ, યે રાગકા અભાવરૂપે પરિણમન હોના વો અભાવ ગુણકા કાર્ય હૈ.

✿ 'ક્રિયા' નામ કા એક ગુણ હૈ કે યે ગુણકા ગુણ ક્યા ? કે ષટ્કારકરૂપે પરિણમન સહિતપણા. શુદ્ધ ષટ્કારકરૂપે પરિણમન સહિતપણા. યે 'ક્રિયા'કા ગુણ હૈ.

✿ ૪૭ શક્તિમેં હૈં 'વીર્ય'. ભગવાનકા આત્મબળ ઈસકો કહિયે કે જે સ્વરૂપની શુદ્ધતા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની રચના કરે-ઉસકા નામ વીર્યકા કાર્ય હૈ, યે વીર્ય કા શુભ રચના કરે એ વીર્યકા કાર્ય નહીં. પંડિત વીર્ય. અંદર વસ્તુવીર્ય આત્મબળ.

✿ ચૈતન્ય મહાપ્રભુ-જેમાં વીર્ય શક્તિ પણ પૂર્ણ છે. પર્યાયમાં શુભાશુભ પરિણામ હો એ વીર્યશક્તિનું કાર્ય નથી. વીર્યશક્તિ તો પૂર્ણ છે-પુરુષાર્થ-અનંત પુરુષાર્થ ભગવાનમાં પૂર્ણ છે.

✿ આત્મામેં એક અગુરુલઘુ નામકા ગુણ હૈ. જો સબ ગુણમેં અગુરુલઘુકા રૂપ હૈ. જો એક સમયકી પર્યાય જ્ઞાનકી, દર્શનકી આદિ હો, ઉસમેં ભી એક પર્યાયમેં ભી ષટ્ગુણ હાનિવૃદ્ધિ હોતી હૈ. કેવળજ્ઞાનકી એક પર્યાયમેં ભી ષટ્ગુણ હાનિવૃદ્ધિ હોતી હૈ તો ભી કેવળજ્ઞાન તો ઐસા ને ઐસા હૈ. એ તો સ્વભાવ કોઈ અલૌકિક હૈ, બાપુ ! વિરુદ્ધ શક્તિ, અગુરુલઘુ શક્તિ છે, વસ્તુમાં અગુરુલઘુશક્તિ. પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ થાય એ બીજી વાત. ભગવાન આત્મા અનંતા પૂર્ણ ગુણોમાં એક અગુરુલઘુ નામનો પૂર્ણ ગુણ છે. એમાં પણ ઘટતુંવધતું થયું નથી. અક્ષરના અનંતમા ભાગે જ્ઞાનની પર્યાય નિગોદમાં રહી પણ ત્યાગ-ઉપાદાન શક્તિમાં ઘટતું વધતું થયું નહીં. એ તો પૂર્ણ. એમને એમ છે.

✿ ઉસકા દ્રવ્ય-ગુણકા ધરમ તો કોઈ અલૌકિક. ઉસકી પર્યાયકા એક-એક પર્યાય ઐસી. અનંત આનંદ, ઐસા અનંત કેવળજ્ઞાન. એ અનંત કેવળજ્ઞાનમેં ભી એક સમયમેં ષટ્ગુણ હાનિવૃદ્ધિ-અનંતગુણ વૃદ્ધિ, અનંતગુણ હાનિ, અસંખ્યગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ હાનિ, એક સમયમેં. આ તે કઈ ભગવાન જાણે. વસ્તુ જ કોઈ દ્રવ્ય-ગુણ ને પર્યાય ચમત્કારી ચીજ હૈ. તીનોં ચમત્કારી ચીજ હૈ. કાંઈ પોતાની આવડતનો એને ઊંડે ઊંડે પરલક્ષી જ્ઞાનમાં, ઊંડે આવડતનું અભિમાન અને બહાર પડવાનો ભાવ છે.

✿ નિમિત્તાધીનપણાથી વિકૃત અને સ્વાધીનપણાથી અવિકૃત સિદ્ધમેં ભી વિભાવશક્તિ તો હૈ. 'વિભાવિક શક્તિ' હૈ તો વિશેષ ગુણ હૈ. એક એ વિભાવપણે પરિણમે ઐસા ઉસકા અર્થ હી નહીં. વિભાવિક શક્તિ હૈ એ તો નિર્મળપણે પરિણમે ઐસા ઉસકા સ્વભાવ હૈ, પણ ઉસ સ્વભાવકા આશ્રય ન લેતે, નિમિત્તકા આશ્રયમેં જાતે હૈં તો પર્યાયમેં વિકૃત અવસ્થા હોતી હૈ.

✿ આત્મામાં એક 'કર્તા' નામનો ગુણ છે. આ છ કારક પર આવ્યું લક્ષ.

એ વીર્ય, પ્રભુત્વ. પ્રભુત્વ નામનો ગુણ છે એ પણ પૂર્ણ છે, ઈશ્વર નામનો ગુણ છે એ પૂર્ણ છે, અને તે અનંતા ગુણમાં ઈશ્વરનું રૂપ છે એ પણ પૂર્ણ છે. એવો 'કર્તા' નામનો ગુણ છે-કાર્યની પર્યાય થાય એવો એ કર્તા નામનો ગુણ છે. એ પર્યાયમાં ભલે અપૂર્ણતા હો કાર્યની, પણ કાર્ય નામનો ગુણ છે એ તો પૂર્ણ છે. સાધકદશામાં સમ્યગ્દર્શન આદિ પર્યાય ઓછી છે. છતાં તે 'કાર્ય' શક્તિ જે છે એ પૂર્ણ છે. એ 'કર્તા' શક્તિ એક આત્મામાં છે એ પણ પૂર્ણ શક્તિ છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપક અને પૂર્ણ, સાધન શક્તિ છે આત્મામાં એ સાધનપણું પ્રગટ્યું હોય ભલે અલ્પ-છતાં સાધન શક્તિ છે એ તો પૂર્ણ છે. એમ કાર્ય, કર્તા, કર્મ, કરણ, અપાદાન-જેમાંથી પ્રગટ થાય એવી એ શક્તિ છે એ પણ પૂર્ણ છે પર્યાયમાં ભલે અપૂર્ણ હો પણ વસ્તુમાં છે એ તો પૂર્ણ છે. સંપ્રદાન શક્તિ એક છે. પોતે પોતાનું દાન દે એવી એક શક્તિ છે. એ શક્તિ પણ પૂર્ણ છે. અધિકરણ નામની શક્તિ છે કે જે બધા ગુણનો આધાર, એ અધિકરણ ગુણ છે એ બધા ગુણમાં એક અધિકરણ નામનું રૂપ છે. અનંતધર્મત્વ છે ને ? પ્રભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞશક્તિ. 'શક્તિ એટલે કે એનું સામર્થ્યનો સ્વભાવ. એ પૂર્ણ છે'. વિભુત્વ શક્તિ અંદર એ પૂર્ણ છે. 'સર્વગુણમાં વ્યાપક' એવી એક શક્તિ પણ પૂર્ણ છે અને અનંતા ગુણમાં પણ વિભુત્વ શક્તિનું રૂપ છે એ પણ વ્યાપકપણે થાય એવું પણ એમાં પૂર્ણગુણ છે. સ્વચ્છત્વ નામ શક્તિ પણ પૂર્ણ છે. સ્વચ્છતા અલ્પ પ્રગટી હો, છતાં સ્વચ્છત્વ શક્તિ તો પૂર્ણ છે. સ્વચ્છત્વ શક્તિ અસ્વચ્છત્વપણે પરિણમી હો પર્યાય, પણ સ્વચ્છત્વ શક્તિ છે એ ગુણ એ પૂર્ણ છે. 'સ્વસંવેદન પ્રકાશ' નામનો ગુણ છે. વેદનમાં ભલે અલ્પ વેદન હો-પ્રમેયત્વ-બીજાને પ્રમેય તરીકે થવું અને બીજાના પ્રમેયનું પ્રમાણ તરીકે થવું એ પણ શક્તિ પૂર્ણ છે. પરિણામપરિણમ્ય છે ને ભાઈ ! બીજાના જ્ઞાનમાં પ્રમેય તરીકે થવું અને પોતાના જ્ઞાનમાં બધાને પ્રમેય તરીકે જાણવું એ શક્તિ પણ પૂર્ણ છે. એવા અનંતા ગુણોનું પૂર્ણનું રૂપ તે દ્રવ્ય છે. 'અકાર્યકારણ' નામનો ગુણ છે એ પણ પૂર્ણ છે. રાગના કારણરૂપે ન થવું અને રાગના કાર્યરૂપે પર્યાયમાં ન થવું. વિરુદ્ધ શક્તિ એ પણ પૂર્ણ છે. તત્પણે છે અને

અતત્‌પણે નથી. પરપણે નથી ઈ એક-એક શક્તિ વિરુદ્ધ છે ઈ. એ વિરુદ્ધના પછી બે પ્રકાર પડે. એ તત્‌ અને અતત્‌. એ પૂર્ણ છે પ્રભુ અને આ (દ્રવ્ય) અનંત શક્તિનો સાગર-એક શક્તિ પણ પૂર્ણ છે, અનેક શક્તિ પણ પૂર્ણ છે.

✿ 'જોગ' નામનો એક ગુણ છે, 'અજોગ'-જે જોગપણે કંપન છે ને ! અને અંતરદૃષ્ટિ પડતા એનો અંશ અકંપપણાનો પ્રગટ થશે. આ પૂર્ણ અકંપ તો ચૌદમે થશે છતાં ત્યાં હજી પ્રતિજીવી ગુણની વિપરીતતા તો ત્યાંય પડી છે હજી. તેથી એને સંસારી કહેવાય છે. સિદ્ધ નહીં.

✿ ધર્મી અને ધરમ બે ભિન્ન છે. 'ધર્મી' દ્રવ્ય અને 'ધરમ' તે પર્યાય. અરે ! ગુણ લ્યો તોપણ દ્રવ્યથી ગુણ ભિન્ન છે. કેમકે દ્રવ્ય એકરૂપ છે અને દ્રવ્ય-ગુણ અનેકરૂપ છે. એક-અનેક ગુણ છે ને એમાં. વસ્તુ એકરૂપ છે એવો એક ગુણ છે અને વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ રૂપે છે. એવો પણ 'એક અનેક' નામનો ગુણ છે અથવા 'ઉત્પાદ-વ્યય ને ધ્રુવ' નામનો એક આત્મામાં ગુણ છે એ ગુણ ધ્રુવ ધ્રુવપણે રહી અને પર્યાયપણે ઉત્પાદ-વ્યય થાય, એવો એનો ગુણ છે. છતાં એ ગુણ ઉત્પાદપણે થાય, એમ કહેવું એ બધું વ્યવહાર છે.

✿ આત્મામાં એ 'કર્તૃત્વ' નામનો ગુણ છે. ભાવ કીધા ને અનંત. કર્તૃત્વ નામનો એક ગુણ છે. એ ગુણનું કાર્ય એ દ્રવ્યને પકડ્યું તો એ ગુણનું કાર્ય નિર્મળ વીતરાગી પર્યાય ભાવ-એનો ભાવ તે ગુણ કે 'દ્રવ્ય' અભેદથી કહેવાય. એ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિના પરિણામ એ ભાવક છે, ભાવ છે એનો ભાવક એમાં ભાવ ગુણ છે એક અને કર્તૃત્વ નામનો ગુણ છે એ એનો ભાવક છે. એ ભાવક થાય છે. એમ કે અંદર જ્ઞાયકની દૃષ્ટિ થતાં આ ગુણ ભાવકપણે ભાવ તેનો થાય છે. એક 'ભાવ' નામનો એમાં ગુણ છે કે એથી એની પર્યાય ભાવકપણે થવાની તે થાય જ. એને કરવું તો થાય એમ ત્યાં છે નહીં અને કર્તૃત્વ નામનો એમાં ગુણ છે કે જેથી સમ્યગ્દર્શન જ્ઞાયકની જે પરિણતિ છે એ ભાવ છે અને એ ભાવનો ભાવક તે ગુણ છે. એ ગુણના ધરનાર દ્રવ્યને દૃષ્ટિમાં લીધું એટલે પરિણતિ ભાવકપણે થયા વિના રહે નહીં.

✿ વસ્તુમાં એક 'ભાવ' નામનો ગુણ છે. જેમ જ્ઞાન ગુણ છે, આનંદ ગુણ છે. શાંતિ ગુણ છે, શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા. એમ એક 'ભાવ' નામનો ગુણ છે કે જે ગુણની વર્તમાન પર્યાય થાય જ એ ગુણને લઈને. 'આમ કરું તો થાય' એમ પ્રશ્ન જ ત્યાં નથી. એ 'ભાવ' નામનો ગુણ અને ગુણનો ધરનાર ગુણી-એનો જે દષ્ટિમાં અનુભવ થયો, એથી એ ભાવ નામના ગુણના કારણે વર્તમાન પર્યાય થશે જ. 'થાશે તેને કરું' એ વાત રહેતી નથી. અથવા એક 'ક્રિયા' નામનો ગુણ છે જીવમાં. એ ગુણનો ધરનાર ગુણીને દષ્ટિમાં લીધો એથી એ ભાવને કારણે ષટ્ગુણની વિકૃત અવસ્થા જે થાય તેનાથી રહિત પરિણમન થશે જ.

✿ એ આનંદનો ગુણ થાવ પર્યાયમાં એનો ભાવક-કરનાર ભાવક અનંત ગુણ છે. પૂર્વનો પર્યાય પણ નહીં. નિમિત્ત નહીં, સંયોગનો અભાવ નહીં, કેવળજ્ઞાનનો ભાવ. એનો ભાવક તે જ્ઞાન ગુણ છે અંદર, એનાથી ભાવ થાય. પૂર્વનો મોક્ષમાર્ગ છે માટે કેવળજ્ઞાન થયું એ તો વ્યવહારથી સમજાવ્યું છે. પૂર્વની પર્યાયથી ઉત્તર પર્યાય થાય એ તો વ્યવહારથી સમજાવ્યું છે. બેયનું જ્ઞાન કરાવવા. બાકી પછીની જે કેવળજ્ઞાનરૂપી પર્યાય ઝળહળજ્યોતિ એક સમયમાં એ ભાવનો ભાવક તો જ્ઞાનગુણ છે. એ ભાવના ભાવકના કર્તા ગુણ છે તે કર્તાપણે થઈને કેવળજ્ઞાનનું કાર્ય થાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)